નામ : આવાણી સાક્ષી અરવિંદભાઈ

સેમેસ્ટર : I

રોલ નંબર : 277

PRN NO : COC2025277

પેપર કોડ : MJEPS-101

પેપરનું પૂરું નામ : Inclusive Education And Psychological strategies

સહી : Sakshi

નામ: માવાણી સાક્ષી એ.

Sakshi

## ⇒ પ્રશ્નાવલી પદ્ધતિની વ્યાખ્યા :

પ્રશ્નાવલી વાર્તનિક સંશોધનોમાં માહિતી એકઠી કરવાનું અને સંશોધન સમસ્યાઓનો અભ્યાસ કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ક પોતાનો અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે. મોટાભાગે પ્રશ્નો એક પુસ્તિકાના રૂપમાં છપાવી લેવામાં આવે છે જેને પ્રશ્નાવલી પુસ્તિકા કહેવામાં આવે છે.

નામ:- ભાવાણી સાક્ષી એ.

3

Sakshi

# પ્રશ્નાવલિ પદ્ધતિ

## ⇒ પ્રશ્નાવલિની વ્યાખ્યા :-

-> 'પ્રશ્નાવલિ એટલે ચોક્કસ બાબત અંગે માહિતી મેળવવા માટે ચોકસાઇ અને સંભાળપૂર્વક વ્યવસ્થિત રીતે ગોઠવેલ શબ્દરચનાવાળા હેતુપૂર્ણ પ્રશ્નોની યાદી'.

- પ્રશ્નાવલી એ વિભિન્ન લોકો પાસેથી જવાબ મેળવવાના હેતુથી આપવામાં આવેલ પ્રશ્નોની એક યાદી છે, કે જે નિશ્ચિત અને પ્રમાણભૂત પરિણામ પ્રાપ્ત કરે છે અને તેનો આંકડાશાસ્ત્રીય રીતે અભ્યાસ થઇ શકે છે.

- ઇ. એસ. બોગાર્ડસ

## ⇒ સારી પ્રશ્નાવલિના લક્ષણો

- પ્રશ્નાવલિના પ્રશ્નો સંશોધન વિષયને અનુરૂપ હોવા જોઇએ તેમજ સંશોધન વિષયને સ્પષ્ટ કરતા હોવા જોઇએ.

- પ્રશ્નાવલિ લાંબી, અપ્રસ્તુત અને અવ્યવસ્થિત હોવી જોઇએ નહી.

- પ્રશ્નોના શબ્દો તથા વાક્ય સંદિગ્ધ હોવા જોઇએ નહી, પરંતુ સમજી શકાય તેવા સ્પષ્ટ હોવા જોઇએ.

- પ્રશ્નાવલિના પ્રશ્નો વસ્તુલક્ષી હોવા જોઇએ. તેમાં સંભવિત ઉત્તર વિશે કોઇપણ પ્રકારનો સંકેત ન મળવો જોઇએ.

- ભ્રામક, દ્વિઅર્થી, બહુઅર્થી, આપત્તિજનક તથા દિશાત્મક શબ્દો પ્રશ્નાવલિમાં ન હોવા જોઇએ.

- પ્રશ્નોનો ક્રમ યોગ્ય હોવો જોઈએ. સામાન્ય રીતે પ્રશ્નાવલીમાં સામાન્ય પ્રશ્નો પહેલા તથા વિશિષ્ટ પ્રશ્નો બાદમાં હોવા જોઈએ. શરૂઆતમાં સામાન્ય પ્રકારના પ્રશ્નો અને પૂછી ક્રમશ: ઝીણવટભર્યા કે વિશિષ્ટ પ્રશ્નો પૂછવા જોઈએ.

- પ્રશ્નાવલિ દેખાવમાં સુંદર અને આકર્ષક હોવી જોઈએ. તેની પ્રિન્ટ સ્વચ્છ અને વ્યવસ્થિત હોવી જોઈએ.

⇒ પ્રશ્નાવલિનું ઘડતર

- પ્રારંભિક તૈયારીઓ :
  - પ્રશ્નોનો પ્રકાર નક્કી કરવો. બંધ પ્રશ્નો કે મુક્ત પ્રશ્નો
  - પ્રશ્નાવલિની લંબાઈ
  - પ્રશ્નાવલિનો ક્રમ

- પ્રશ્નો કે વિગતોની તૈયારી : જે પ્રશ્નો પ્રશ્નાવલિમાં સમાવવાના હોય તે સંશોધન વિષયને અનુરૂપ હોવા જોઈએ.

- નિષ્ણાંતો દ્વારા પ્રશ્નોનું પુન: પરિક્ષણ અને સંશોધન

- પ્રશ્નાવલિનું પૂર્વ પરીક્ષણ

- પ્રશ્નાવલિની વિશ્વસનિયતા અને યથાર્થતા નક્કી કરવી.

- પ્રશ્નાવલિનું બાહ્યરૂપ :
  - પ્રશ્નાવલિના કાગળનો આકાર (8 X 12) : વાંચવામાં તેમજ ભરવામાં સરળતા રહે તેવો આકાર રાખવો જોઈએ.
  - પ્રશ્નાવલિનો કાગળ મજબૂત તથા ટકાઉ હોવો જોઈએ.

- પ્રશ્નાવલિની પ્રિન્ટ સ્પષ્ટ હોવી જોઈએ.

- પ્રશ્નાવલિની ચારે તરફ યોગ્ય લંબાઈમાં માર્જિન (હાંસિયા) રાખવા જોઈએ.

⇒ પ્રશ્નાવલિના પ્રકારો

• બંધ પ્રશ્નાવલિ

બંધ પ્રશ્નાવલી એ માહિતી એકત્ર કરવાની એવી માનસિક સંશોધન પદ્ધતિ છે, જેમાં પ્રશ્નોના ઉત્તર માટે પૂર્વનિર્ધારિત વિકલ્પો આપવામાં આવે છે અને પ્રતિસાદકને તેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો પડે છે. આવા પ્રશ્નોમાં પ્રતિસાદકે પોતાનો મત ખુલ્લેઆમ વ્યક્ત કરવાની છૂટ મળતી નથી, પરંતુ નિર્ધારિત જવાબોની મર્યાદામાં રહીને જવાબ આપવા પડે છે.

- મનોવિજ્ઞાનમાં બંધ પ્રશ્નાવલિનો ઉપયોગ વ્યક્તિના વલણ, અભિપ્રાય, વ્યક્તિત્વ લક્ષણો, રસ, ભાવનાઓ તથા વર્તનની માપણી માટે વ્યાપક રીતે કરવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલીથી મળેલી માહિતીનું વિશ્લેષણ સરળ, ઝડપી અને આંકડાકીય રીતે ચોક્કસ બને છે.

⇒ બંધ પ્રશ્નાવલિની વિશેષતાઓ

- પ્રશ્નો સ્પષ્ટ અને સંક્ષિપ્ત હોય છે.
- જવાબો પૂર્વનિર્ધારિત હોય છે. (હા/ના, બહુવિકલ્પી, રેટિંગ સ્કેલ)
- સમય અને ખર્ચમાં બચત થાય છે.
- આંકડાકીય વિશ્લેષણ સરળ બને છે.

નામ: ભાવાણી સાક્ષી એ.

6 Sakshi

⇒ મર્યાદાઓ

- પ્રતિસાદકની ભાવનાઓ અને વિચારોની ઊંડાણપૂર્વક માહિતી મળતી નથી.

- જવાબોમાં લવચીકતા ઓછી હોય છે.

• મુક્ત પ્રશ્નાવલિ

મુક્ત પ્રશ્નાવલિએ મનોવિજ્ઞાનમાં માહિતી એકત્ર કરવાની એવી પદ્ધતિ છે, જેમાં પ્રશ્નોના ઉત્તર માટે કોઈ પૂર્વનિર્ધારિત વિકલ્પો આપવામાં આવતા નથી અને પ્રતિસાદકને પોતાની વિચારસરણી, ભાવનાઓ તથા અનુભવોને સ્વતંત્ર રીતે શબ્દોમાં વ્યક્ત કરવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવી છે.

- આ પ્રકારની પ્રશ્નાવલિનો ઉપયોગ વ્યક્તિના અભિપ્રાય, ભાવનાત્મક સ્થિતિ, વલણ, મૂલ્યો અને આંતરિક અનુભવોની ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે કરવામાં આવે છે. મુક્ત પ્રશ્નાવલી દ્વારા ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે, જે વ્યક્તિના વર્તન અને માનસિક પ્રક્રિયાને વધુ સ્પષ્ટ રીતે સમજવામાં સહાયક બને છે.

⇒ મુક્ત પ્રશ્નાવલિની વિશેષતાઓ

- ઉત્તર આપવા સંપૂર્ણ સ્વતંત્રતા
- વ્યક્તિગત અને વિસ્તૃત માહિતી મળે છે.
- પ્રતિસાદકના વિચારોની ઊંડાણપૂર્વક સમજ શક્ય બને છે.
- ક્લિનિકલ અને કેસ સ્ટડીમાં ઉપયોગી

⇒ મર્યાદાઓ

- માહિતીનું વિશ્લેષણ સમયખોર અને મુશ્કેલ
- વિષયાનુભૂતિ વધુ હોઇ શકે છે.
- આંકડાકીય વિશ્લેષણ અઘરું

• ચિત્રાત્મક પ્રશ્નાવલિ

- ચિત્રાત્મક પ્રશ્નાવલિએ મનોવિજ્ઞાનમાં વ્યક્તિત્વ અને આંતરિક માનસિક પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરવાની એક પ્રક્ષેપક પદ્ધતિ છે, જેમાં વ્યક્તિને ચિત્રો, આકૃતિઓ અથવા દ્રશ્યો બતાવી તેના પ્રતિભાવ પૂછવામાં આવે છે. આ ચિત્રોના આધારે વ્યક્તિ પોતાના અચેતન વિચારો, ભાવનાઓ, ઇચ્છાઓ અને સંઘર્ષોને અજાણતા રીતે પ્રક્ષેપિત કરે છે.

- મનોવિજ્ઞાનમાં ચિત્રાત્મક પ્રશ્નાવલિનો ઉપયોગ ખાસ કરીને વ્યક્તિત્વના અદ્રશ્ય પાસાઓ, ભાવનાત્મક સંઘર્ષો, ભય, વલણ અને આંતરિક સંઘર્ષોને સમજવા માટે કરવામાં આવે છે કારણ કે ચિત્રો અસ્પષ્ટ હોય છે, તેથી વ્યક્તિ ખુલ્લેઆમ અને સ્વાભાવિક રીતે પ્રતિભાવ આપે છે

⇒ ચિત્રાત્મક પ્રશ્નાવલિની વિશેષતાઓ

- અચેતન મનની અભિવ્યક્તિ શક્ય બને છે.
- ભાષાકીય મર્યાદાઓ ઓછી થાય છે.
- બાળકો અને ઓછા શિક્ષિત વ્યક્તિઓ માટે ઉપયોગી
- સામાજિક ઇચ્છનીયતા ઓછી હોય છે.

⇒ મર્યાદાઓ
- મૂલ્યાંકન માટે વિશેષ તાલીમ જરૂરી
- પરિણામોમાં વિષયાનુભૂતિનો સંભાવ
- માન્યતા અને વિશ્વસનીયતા પર પ્રશ્ન

નામ: ભાવાણી સાક્ષી બી

8

Sakshi

⇒ પ્રશ્નાવલિના લાભો અને મર્યાદાઓ

⇒ લાભો (ફાયદાઓ)

1) વસ્તુલક્ષી અને નિરપેક્ષ અભ્યાસ

2) મોટી સમષ્ટિના અભ્યાસમાં ઉપયોગી

3) સમય, ખર્ચ અને શ્રમનો બચાવ

4) સરળ અને સુવિધાજનક પદ્ધતિ

5) ઝડપથી અને સરળતાથી આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ

6) યથાર્થ માહિતી

⇒ મર્યાદાઓ

1) માત્ર શિક્ષિત લોકો જ ઉપયોગ કરી શકે છે

2) પ્રત્યુત્તરની સમસ્યા
- પ્રશ્નોના ઉત્તર ન આપવા
- ટપાલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલીને ભરીને પરત ન મોકલવ
- પ્રશ્નોને અધુરા છોડી દેવા
- સમજ્યા વિના જ જવાબ આપવા

3) મુક્ત પ્રશ્નાવલીમાં અપૂર્ણ માહિતી મળવાની શક્યતા.
4) ગહન અભ્યાસમાં મુશ્કેલી
5) પ્રશ્નાવલી તૈયાર કરવી પણ મુશ્કેલી
6) ભાવનાત્મક ઉદ્દીપન કે ભાવનાત્મક સંબંધનો અભાવ
7) નાના બાળકો, મંદ બુદ્ધિના બાળકો, પ્રાણીઓ તેમજ તીવ્ર મનોવિકૃતિના દર્દીઓમાં ઉપયોગમાં લઈ શકાતી નથી.

નામ : ભાવાણી સાક્ષી એ

9

Sakshi

# મુલાકાત પદ્ધતિ

પ્રસ્તાવના : સંશોધનના ઉપકરણ તરીકે "મુલાકાત"નો હેતુ પણ 'પ્રશ્નાવલી' જેવો જ છે. તે પણ હકીકત શોધનાનું માપક છે. તફાવત માત્ર એટલો જ છે કે એમાં બે વ્યક્તિઓ મોઢામોઢ રૂબરૂમાં એકબીજા સાથે વાતચીત કરે છે. તે 'મુલાકાત લેનાર' વ્યક્તિ દ્વારા હાથ ધરાય છે. એમાં સંશોધક દ્વારા સંશોધનનાં વિવિધ પાસાંઓના સંદર્ભમાં ઔપચારિક અને અનૌપચારિક પરિસ્થિતિમાં કાળજીપૂર્વક રચેલા પ્રશ્નો પૂછવામાં આવે છે

અર્થ :

મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ પણ છે અને એક અભ્યાસ સાધન પણ છે, જેની મદદથી મહત્ત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' બે શબ્દોનો બનેલો છે એટલે કે Inter + View = Interview. અંગ્રેજી શબ્દ Inter નો અર્થ છે અંદર અને View નો અર્થ છે - જોવું. આમ અંદર જોવાની પ્રક્રિયા એ જ મુલાકાત છે. અહીં જે વ્યક્તિનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે, તેઓની આંતરિક બાબતોમાં ડોકિયું કરવામાં આવે છે. મુલાકાત એક એવી પદ્ધતિ જેના દ્વારા આપણે અભ્યાસ એકમો (સભ્યો)ના એવા અનુભવો અને વિચારો વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ જેના વિશે આપણને પ્રત્યક્ષ રીતે કંઈ પણ દેખાતું નથી. મુલાકાતની અગત્યતા વિશે ઓલપોર્ટનું કહેવું છે કે, "જો આપણે એ જાણવા માંગીએ છીએ કે લોકો કઈ રીતે અનુભવે છે, શું અનુભવે છે, શું યાદ રાખે છે, તેના આવેગ અને પ્રેરણાઓ કયા પ્રકારની છે? તેઓના કાર્ય કરવાનું કારણ શું છે તો તેઓને જ આપણે કેમ પૂછી ન લઈએ?

⇒ મુલાકાતની વ્યાખ્યા

સામાન્ય રીતે બે કે બેથી વધુ વ્યક્તિઓ દ્વારા કોઈ વિશેષ હેતુ માટે સામ-સામે અથવા મોઢામોઢ કરવામાં આવેલ વાતચીતને

નામ: ભાવાણી સાક્ષી એ.

10 Sakshi.

જ મુલાકાત કહેવામાં આવે છે. અહીં સંશોધન મનોવૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવેલ મુલાકાત પદ્ધતિની અમુક વ્યાખ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે

- "મુલાકાત સામ-સામે કરવામાં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી અમુક માહિતીઓ પ્રાપ્ત કરે છે."

- ઇંગ્લિશ

- "મુલાકાત એક સામ-સામેની આંતરવૈયક્તિક ભૂમિકા પરિસ્થિતિ છે જેમાં એક વ્યક્તિ મુલાકાત આપનાર વ્યક્તિને સંશોધન સમસ્યા સંબંધિત ઉત્તરો મેળવવા માટે પ્રશ્નો કરે છે."

— કરલિંગર

- "મુલાકાત સામાજિક આંતરક્રિયાની ~~એક~~ એક પ્રક્રિયા છે."

- ~~ડી. જે. ફોક્સ~~ - ગુડ અને હાટ

- "જ્યારે સંશોધક મૌખિક સ્તરે પ્રશ્ન પૂછવા ઇચ્છતો હોય અને વ્યક્તિગત આંતરક્રિયાનો હેતુ ધરાવતો હોય, તો ત્યારે જે પ્રશ્નની પ્રયુક્તિનો ઉપયોગ કરે છે તેને મુલાકાત કહે છે."

=) મુલાકાતના સ્વરૂપ

1) મુલાકાત એક સામ-સામેની પરિસ્થિતિ છે : મુલાકાતમાં સામ-સામેની પરિસ્થિતિ હોય છે જેમાં એક તરફ મુલાકાત લેનાર હોય છે બીજી તરફ મુલાકાત આપનાર ઉપસ્થિત હોય છે

2) મુલાકાતમાં પ્રશ્નો પૂછવામાં આવે છે તથા તેના ઉત્તરો શાબ્દિક રીતે આપવામાં આવે છે : મુલાકાતમાં મુલાકાતકર્તા મુલાકાત આપનાર વ્યક્તિઓને શાબ્દિક રીતે પ્રશ્નો પૂછે છે જેનો ઉત્તર મુલાકાત આપનારે પણ શાબ્દિક રીતે આપવાનો

નામ: આવાણી સાક્ષી એ

11

Sakshi

Page No.:
Date:
YOUVA

હોય છે. સામાન્ય રીતે મુલાકાતમાં એક મુલાકાતકર્તા તથા એક મુલાકાત આપનાર વ્યક્તિ હોય છે જેઓની વચ્ચે શાબ્દિક આદાન-પ્રદાન થાય છે પરંતુ મુલાકાતમાં વ્યક્તિઓની સંખ્યા બે થી વધુ પણ હોઈ શકે છે. કોઈ ખાસ મુલાકાતમાં એકથી વધુ મુલાકાતકર્તા હોઈ શકે છે.

3) મુલાકાતમાં મુલાકાતકર્તા દ્વારા માહિતી નોંધવામાં આવે છે ઉત્તરદાતા મુલાકાતની એક વિશેષતા એ પણ છે કે તેનાથી જે માહિતી પ્રાપ્ત થાય છે તેની મુલાકાતકર્તા દ્વારા નોંધવામાં આવે છે નહીં કે ઉત્તરદાતા દ્વારા. મુલાકાતની આ વિશેષતા પ્રયોગ તથા અન્ય નિરીક્ષણાત્મક પદ્ધતિઓની જેમ જ છે કારણ કે આ પદ્ધતિઓમાં પણ પ્રયોગકર્તા કે નિરીક્ષણકર્તા દ્વારા જ માહિતીની નોંધણી કરવામાં આવે છે

4) મુલાકાતકર્તા તથા મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચેનો સંબંધ વિશિષ્ટ રીતે સંરચિત હોય છે.
મુલાકાતકર્તા તથા મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચેનો સંબંધ ખાસ રીતે સંરચિત હોય છે અથવા વ્યાખ્યાયિત હોય છે. જેમકે મુલાકાતકર્તા તથા મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચે સંબંધ અલ્પકાલિન હોય છે. સમયગાળા સાથે સાથે પ્રશ્ન-જવાબના રૂપમાં કરવામાં આવેલ સંવાદીચિત આદાન-પ્રદાનની દ્રષ્ટિએ પણ મુલાકાત એક નિશ્ચિત બિંદુથી શરૂ થાય છે અને એક નિશ્ચિત બિંદુ પર સમાપ્ત થાય છે

4) મુલાકાતના સ્વરૂપમાં ઘણું લચીલાપણું હોય છે: મુલાકાતની એક વિશેષતા એ પણ છે કે તેમાં મુલાકાતકર્તા જેટલા વધુમાં વધુ પ્રશ્નો પૂછવા હોય તો પૂછી શકે છે. માહિતી એકત્રિત કરવાની બહુ ઓછી પદ્ધતિ એવી છે કે જેમાં સંશોધનકર્તાને માહિતી એકત્ર કરવામાં આટલું લચીલાપણું મળતું હોય છે

નામ :- ભાવાણી સાક્ષી એ



Sakshi

## ⇒ મુલાકાતના પ્રકારો

મુલાકાતના અનેક પ્રકારો છે : જે મુખ્ય વર્ગોમાં વહેંચવામાં આવી તો નીચેના પાંચ મુખ્ય વર્ગો બને છે.

1) મુલાકાત પદ્ધતિઓનું સંરચનાના આધારે વર્ગીકરણ

2) મુલાકાત પદ્ધતિઓનું ઉદ્દેશ્યોના આધારે વર્ગીકરણ

3) મુલાકાત પદ્ધતિઓનું ઔપચારિકતાના આધારે વર્ગીકરણ

4) મુલાકાત પદ્ધતિઓનું ઉત્તરદાતાની સંખ્યાના આધારે વર્ગીકરણ

5) મુલાકાત પદ્ધતિઓનું સંપર્કના સ્વરૂપના આધારે વર્ગીકરણ

⇒ ઉપરનાં પાંચ વર્ગીકરણોની અંતર્ગત વિભિન્ન પ્રકારની મુલાકાત પદ્ધતિનું વર્ણન નીચે મુજબ છે.

1) મુલાકાત પદ્ધતિઓનું સંરચનાના આધારે વર્ગીકરણ

⇒ મુલાકાતનું વર્ગીકરણ જો સંરચનાના આધારે કરવામાં આવે તો મુલાકાતના મુખ્ય ત્રણ પ્રકારો છે. (અ) અસંરચિત મુલાકાત, (બ) સંરચિત મુલાકાત અને (ક) કેન્દ્રિત મુલાકાત.

(અ) અસંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે, જેમ કે અનિર્દેશિત મુલાકાત, અનિયંત્રિત મુલાકાત, અપ્રમાણિત મુલાકાત તથા માર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર કોઈ નિયંત્રણ હોતું નથી, એટલે કે મુલાકાત કરતા પહેલા મુલાકાતની સંરચનાનું નિર્ધારણ મુલાકાતકર્તા નથી કરતો.

નામ : ગાયાણી સાક્ષી બી.



Sakshi

Page No. Date YOUVA

(ગ) સંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે જેમ કે - નિર્દેશિત મુલાકાત, નિયંત્રિત મુલાકાત, પ્રમાણિત મુલાકાત, તથા માર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર નિયંત્રણ હોય છે.

(ઘ) કેન્દ્રિત મુલાકાત તથા/અથવા અર્ધસંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતમાં સંરચિત અને અસંરચિત મુલાકાત, બંનેનું મિશ્રિત સ્વરૂપ જોવા મળે છે. આ પ્રકારની મુલાકાતમાં અસંરચિત મુલાકાતના લક્ષણો ઓછા અને સંરચિત મુલાકાતના લક્ષણો વધુ જોવા મળે છે.

૪ મુલાકાત પદ્ધતિઓનું ઉદ્દેશ્યોના આધારે વર્ગીકરણ

→ મુલાકાત પદ્ધતિનું ઉદ્દેશ્યોના આધારે વર્ગીકરણ કરવામાં આવે તો ચાર પ્રકારો છે: ① ચિકિત્સાત્મક મુલાકાત ② નિદાનાત્મક મુલાકાત ③ સંશોધન મુલાકાત ④ પસંદગી મુલાકાત.

① ચિકિત્સાત્મક મુલાકાત

આ પ્રકારની ~~મુલાકા~~ મુલાકાતને ઉપચાર મુલાકાત પણ કહે છે. આ પ્રકારની મુલાકાતનો ઉદ્દેશ્ય કોઈપણ સામાજિક બિમારી કે માનસિક બિમારીનો ઉપચાર કરવાનો હોય છે.

② નિદાનાત્મક મુલાકાત

આ એવી મુલાકાત છે જેનો ઉદ્દેશ્ય કોઈપણ સામાજિક બિમારી કે માનસિક બિમારીના કારણોને શોધવાનો કે જાણવાનો હોય છે.

③ સંશોધન પદ્ધતિ/મુલાકાત :

આ એક એવી મુલાકાત છે જેનો ઉદ્દેશ્ય કોઈ સંશોધન સમસ્યાનો અભ્યાસ કરવાનો છે.

નામ: ભાવાણી સાક્ષી એ

Page No.: Date: YOUVA

14

Sakshi

૫) પસંદગી મુલાકાત :-

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાત લેનાર અધિકારી કોઈ હોદ્દા કે નોકરી માટે પસંદગી કરવાના હેતુથી મુલાકાત આપનારને અમુક પ્રશ્નો પૂછે છે

૩) મુલાકાતનું પદ્ધતિનું ઔપચારિકતાના આધારે વર્ગીકરણ

→ ઔપચારિકતાના આધારે બે પ્રકારો પડે છે (1) ઔપચારિક મુલાકાત અને (2) અનૌપચારિક મુલાકાત

① ઔપચારિક મુલાકાત

આ એવી મુલાકાત છે જેમાં મુલાકાતકર્તાની ભૂમિકા માત્ર ઔપચારિક જ હોય છે તે એક રીતે નિષ્ક્રિય રહે છે. આ પ્રકારની મુલાકાતમાં સંરચિત મુલાકાતના લક્ષણો જોવા મળે છે

② અનૌપચારિક મુલાકાત

આ એક એવી મુલાકાત છે જેમાં મુલાકાતકર્તા ઉત્તરદાતા સાથે ઘણો હળી-મળીને, અનૌપચારિક રીતે તેની ગુપ્ત અને આંતરિક બાબતોને બહાર કઢાવવામાં સફળ થઈ શકે છે

૪) મુલાકાત પદ્ધતિનું ઉત્તરદાતાની સંખ્યાના આધારે વર્ગીકરણ

→ આ પ્રકારના વર્ગીકરણના આધારે બે પ્રકાર પડે છે: (1) વ્યક્તિગત કે વૈયક્તિક મુલાકાત, (2) સામૂહિક મુલાકાત

(અ) વ્યક્તિગત કે વૈયક્તિક મુલાકાત

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાત લેનાર અધિકારી એક-એક ઉત્તરદાતાની અલગ-અલગ મુલાકાત લે છે અને પોતાના અભ્યાસ સમસ્યાને લગતી માહિતી એકઠી કરે છે.

નામ કે આપણી સાથી એ

15

Sanghi

(બ) સામૂહિક મુલાકાત

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા એક સમૂહની મુલાકાત લે છે. સમૂહમાં બે કે તેથી વધુ ગમે તેટલી વ્યક્તિ હોય શકે છે. તે સમૂહને એક-એક પ્રશ્ન કહે છે.

5] મુલાકાત પદ્ધતિનું સંપર્કના સ્વરૂપના આધારે વર્ગીકરણ
→ આ મુલાકાતના ત્રણ પ્રકારો જોવા મળે છે.

(અ) ટૂંકાગાળાની મુલાકાત

આ એવી મુલાકાત છે જેને બહુ ટૂંકા સમયગાળામાં પૂરી કરી દેવામાં આવે છે તેમાં બહુ ઓછા પ્રશ્નોના આધારે સમસ્યાનો અભ્યાસ કરવામાં આવે છે

(બ) લાંબાગાળાની મુલાકાત

આ પ્રકારની મુલાકાતમાં સમય ઘણો વધુ લાગે છે. આથી સમસ્યાનું ગહન અધ્યયન શક્ય છે

(ક) ગહન મુલાકાત

આ એક અનિર્દેશિત કે અસંરચિત પ્રકારની છે, જેના દ્વારા કોઈ વ્યક્તિ સમસ્યા કે કોઈ સામાજિક સમસ્યાના કારણોના મૂળ સુધી જઈને તેનો ગહન અભ્યાસ કરવામાં આવે છે

⇒ મુલાકાત પદ્ધતિના ફાયદા અને ગુણ

1) અમૂર્ત ધારણાઓનો અભ્યાસ

આ પદ્ધતિ દ્વારા પ્રત્યક્ષ ન દેખાતી ધારણાઓનો, અભ્યાસ પણ વિશ્વસનીય છે

2) ભૂતકાળની ધારણાનો અભ્યાસ

આ પદ્ધતિ દ્વારા ભૂતકાળની ધારણાઓ, અસરો અને ધારણાઓ

સાથે સંબંધિત અનેક પાસાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી શકાય.

3) ગોપનીય ઘટનાનો અભ્યાસ

સમાજલક્ષી મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રમાં ઘણી બધી એવી અભ્યાસ સમસ્યા છે જે વ્યક્તિના અંગત અનુભવો કે વ્યક્તિગત અનુભવો સાથે સંબંધિત હોય છે.

4) બહુ આયામી અભ્યાસ

મુલાકાત પદ્ધતિ દ્વારા કોઈ એક સમસ્યાના માત્ર એક જ પાસાનો અમુક જ પાસાનો અભ્યાસ નથી થતો, પરંતુ કોઈ એક સમસ્યા સાથે વધુમાં વધું અથવા દરેક પાસાનો અભ્યાસ આ પદ્ધતિ દ્વારા કરી શકાય.

5) વિશ્વસનીય અને યથાર્થ પરિણામ

જ્યારે મુલાકાતકર્તા વિશ્વસનીયતા અને યથાર્થતા ઉદ્ભવ રહે તે રીતે મુલાકાત પદ્ધતિ દ્વારા અભ્યાસ કરે છે.

=> મુલાકાત પદ્ધતિના ગેરલાભો અને મર્યાદાઓ

1) કુશળ મુલાકાતકર્તાનો અભાવ

મુલાકાતની ટેકનિકલ વિશેષતાઓને ધ્યાનમાં રાખીને જો મુલાકાત લેવાની હોય તો કુશળ મુલાકાતકર્તાની જરૂર પડે છે.

2) સચોટ રેકોર્ડિંગમાં મુશ્કેલી

મુલાકાત પદ્ધતિ દ્વારા સંશોધન સમસ્યાનો અભ્યાસ કરતી વખતે સચોટ કે શુદ્ધ રેકોર્ડિંગમાં મુશ્કેલી એટલા માટે પડે છે કારણ કે દરેક મુલાકાતકર્તાને મુલાકાત ટેપ, મુવી કેમેરા વગેરે સવલતાવી પ્રાપ્ત નથી થતા હોતા.

નામ: આવાણી સાક્ષી એ



Sakshi

3) ખર્ચાળ અભ્યાસ પદ્ધતિ

મુલાકાત પદ્ધતિ દ્વારા સંશોધન સમસ્યાઓનો અભ્યાસ અન્ય પદ્ધતિઓ કરતાં વધુ ખર્ચાળ છે તે એ સમયે વધુ ખર્ચાળ હોય છે જ્યારે મુલાકાતમાં મુલાકાતકર્તાઓની [illegible] હોય છે અને મુલાકાત લાંબા સમય સુધી ચાલે છે